
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




જો, શહેરમાં મોટી બિમારી ફેલાઈ છે તેથી, શહેરમાં લોકોને આનાથી હાથ ધોવાનો કાયદો છે અને આપણે ગામડાવાળાને પીવાનું કહ્યું છે... એટલે મને કાયદા વિરુદ્ધ લઈ ન જઈશ...!!

# ગાંધીનગર સિવિલ ખાતે કોવીડ કંટ્રોલ રૂમનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે કોવીડ કંટ્રોલ રૂમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ કંટ્રોલ રૂમ જુની કોવીડ ઓપીડી હતી તે જગ્યાએ શરુ કરાયો છે. રાઉન્ડ ધ કલોક આ કંટ્રોલરૂમ કાર્યરત રહેશે. કંટ્રોલરૂમ ખાતે નોન કલીનીકલ ટ્યુટર, નર્સ, સુપરવાઈઝર સહિતના કર્મચારીઓ ફરજ બજાવશે. આ કંટ્રોલરૂમ ખાતેથી દર્દીના સ્વાસ્થય અંગે તેમના પરિવારજનો માહિતી મેળવી શકશે. તેમજ સ્ટાફ કે દર્દીને કોઈ તકલીફ હશે તો તેનું નિવારણ તાત્કાલીક ધોરણે કરવામાં આવશે.

સમગ્ર વિશ્વમાં કોરોનાએ કોહરામ મચાવ્યો છે. ગુજરાતમાં પણ કોરોનાના દર્દીઓમાં સતત વધારો થતો જોવા મળી રહ્યો છે. રાજયમાં ૨૧ હજારથી વધુ દર્દીઓ નોંધાયા છે. તો બીજીતરફ પાટનગરમાં પણ ૪૩૦ થી વધુ દર્દીઓ કોરોનાના સામે આવ્યા છે. ત્યારે પાટનગરના સિવિલ કેમ્પસમાં કોવીડ હોસ્પિટલ ઉભી કરાઈ છે.



૬૦૦ બેડની હોસ્પિટલમાં કોવીડના દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. તે ઉપરાંત અમદાવાદથી ૨૦૦ જેટલા કોવીડ દર્દીઓને સારવાર માટે ગાંધીનગર હોસ્પિટલ લાવવાની હિલચાલ ચાલી રહી છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા કોવીડ-૧૯ નો કંટ્રોલ રૂમ શરુ કરાયો છે. કંટ્રોલરૂમ ખાતે જરુરી ફોન, કોમ્પ્યુટર સહિતની સાધન-સામગ્રી પુરી પાડી દેવાઈ છે. આ કંટ્રોલ રૂમ ડ્રાઈવર રૂમની સામે કાર્યરત કરાયો છે, અને રાઉન્ડ ધ કલોક કંટ્રોલરૂમમાં કર્મચારીઓ ફરજ બજાવશે. કંટ્રોલ રૂમ ખાતેથી કોવીડના દર્દીઓની સ્વાસ્થયની જાણકારી તેમના પરિવારના સભ્યોને મળી રહેશે. તે ઉપરાંત દર્દીઓને જરુરી ચીજવસ્તુ તેના પરિવારજનો કંટ્રોલરૂમ ખાતે પહોચાડશે, ત્યારબાદ તે દર્દીને સરળતાથી મળી રહેશે. જયારે સ્ટાફ કે દર્દીને કોઈ સફાઈ કે સુવિધા અંગે તકલીફ હશે તો તે પણ દુર કરવામાં આવશે. આ કંટ્રોલરૂમ કાર્યરત થતા અધિકારીગણને કોવીડ અંગે થોડી રાહત રહેશે તેમ પણ માનવામાં આવી રહ્યું છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર અને જિલ્લાનું ધો. ૧૦ ના પરિણામને લઈ વાલીઓમાં નિરાશા સાથે શૈક્ષણિક સ્તર સુધારણા માટે પગલાં લેવામાં આવે તેવી ચર્ચાઓ થતી સાંભળવા મળી હતી.
- ગાંધીનગર જિલ્લાની પંચાયતની વિવિધ શાખાઓની કામગીરીની સમીક્ષાઓ જિલ્લા વિકાસ અધિકારીએ હાથ ધરી છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પંચાયતના ટાંચા સાધનોને કારણે દર્દીઓના ઘરને સેનીટાઈઝેશન કરવાની કામગીરીમાં થઈ રહેલા વિલંબને લઈ લોકોમાં તંત્ર સામે નારાજગી જોવા મળી રહી છે.
- ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો એક પણ કેસ નહિ નોંધાયો હોવાથી તંત્રએ હાશકારા સાથે આ વાત જાહેર કરી છે. મનપામાં સતત બીજા દિવસે એક પણ કેસ મળ્યો નથી.
- ગાંધીનગર શહેરમાં પુનઃ ગંદકીના ઢગ ખડકાવાના શરૂ થયા છે એટલુ જ નહિ પણ ચોમાસુ આવી રહ્યુ છે ત્યારે વાહકજન્ય રોગચાળો કે પાણીજન્ય રોગચાળો વકરે નહિ તે માટે તંત્ર તાકીદે પગલાં લે તેવો ગણગણાટ લોકોમાં શરૂ થયો છે.
- જુન માસના અંતિમ દિવસોમાં તીડ આવવાના ભયને લઈ રાજ્યના કૃષિ વિભાગે તડામાર તૈયારીઓ હાથ ધરી છે.

# હેલ્લો... આપનું સંતાન બોર્ડમાં પાસ થયુ... અમારે ત્યાં પ્રવેશ મેળવો..!!

### બોર્ડની પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓના વાલીઓ પર ખાનગી યુનિવર્સિટીઓ-કોલેજોના ટેલિ માર્કેટીંગનો મારો

### ખાનગી સંસ્થાઓના ફાટેલા રાફડાને કારણે શિક્ષણમાં પણ ગળાકાપ માર્કેટીંગ ઘુસતાં વાલીઓ મુંઝવણમાં

ગાંધીનગર, તા. ૧૦

હેલ્લો... આપનો દિકરો બોર્ડની પરીક્ષામાં પાસ થયો છે... હવે એને કયા ડિપ્લોમાં કે ડિગ્રી કોર્સમાં પ્રવેશ લેવાનો છે... અમારે ત્યાં આ કોર્સ ચાલે છે... અમારા કેમ્પસની એકવાર મુલાકાત લઈ તમામ સુવિધાઓ ચકાસી જુઓ..!! જી હાં, આ પ્રકારના ફોન કોલ્સ અત્યારે બોર્ડની પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓના વાલીઓ પર સતત આવી રહ્યાં છે. રાજ્યભરમાં ખાનગી યુનવર્સિટીઓ અને કોલેજોના ફાટેલા રાફડાંને પરિણામે શિક્ષણ જગતમાં પણ ટેલિમાર્કેટીંગનો હવે ખૂબ જ બહોળાં પ્રમાણમાં ઉપયોગ થઈ રહ્યો છે જેના કારણે વિદ્યાર્થીઓના વાલીઓ પરેશાની સાથે મુંઝવણનો ભોગ બની રહ્યાં છે.

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની બોર્ડની પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓએ તેમના બોર્ડના અરજીપત્રમાં દર્શાવેલા મોબાઈલ નંબર પર અત્યારે વિવિધ ખાનગી યુનિવર્સિટી તથા કોલેજના સંચાલકો દ્વારા ટેલિ કોલીંગ માર્કેટીંગ કરતાં કર્મચારીઓ થકી ફોન કરાવી પોતાની યુનિવર્સિટી કે કોલેજમાં વધુ ને વધુ વિદ્યાર્થી પ્રવેશ મેળવે તે માટે પ્રયાસ કરવામાં આવી રહ્યાં છે. ધો. ૧૨ સાયન્સના એ-ગૃપ વિદ્યાર્થીઓ માટે ઈજનેરી કોલેજો ફાર્મસી કોલેજો તથા ટેકનિકલ કોલેજોમાંથી ફોન કોલ્સ આવી રહ્યાં છે. તેજ રીતે બી-ગૃપ ધરાવતા વિદ્યાર્થીઓ માટે બીએસસી, નર્સિંગ, ડેન્ટલ, ફિઝિયોથેરેપી સહિત એમબીબીએસ સુધીના કોર્સમાં પ્રવેશ માટેના ફોન કોલ્સ આવી રહ્યાં છે. આ ઉપરાંત ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષામાં પાસ થયેલ વિદ્યાર્થીઓના વાલીઓ પર ડિપ્લોમાં કોર્સીસમાં પ્રવેશ માટે ફોન કોલ્સ આવી આવી રહ્યાં છે. ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે હજુ ગુજકેટ તેમજ જેઈઈ કે નીટની પરીક્ષાઓ બાકી હોવા છતાં અત્યારથી વાલીઓ પર અંદાજે દિવસના ચારથી પાંચ માર્કેટીંગ કોલ્સ આવતા વાલીઓ પણ પરેશાનીનો ભોગ બની રહ્યાં છે તેમજ અત્યારથી નિર્ણય કેવી રીતે લેવો તે અંગે મુંઝવણ અનુભવી રહ્યાં છે. જો વાલી થોડો પણ હકારાત્મક પ્રતિભાવ આપે તો ટેલિકોલર તેમને કેમ્પસ વિઝિટ કરવા માટે આગ્રહ કરે છે જેથી જો વાલી કેમ્પસ વિઝિટ માટે આવે ત્યારે તેને યોગ્ય રીતે માર્કેટીંગની મોહજાળમાં બાંધી શકાય.

એક તરફ જયાં સારી યુનિવર્સિટી કે કોલેજમાં પ્રવેશ માટે ગુજકેટ, જેઈઈ કે નીટની પરીક્ષાઓના પરિણામ માટે વિદ્યાર્થીઓ અત્યારે મળેલા સમયનો સદુપયોગ કરી તૈયારીઓ કરી રહ્યાં છે અને પ્રવેશ મેળવવા અંગે ચિંતિત છે ત્યારે શિક્ષણ જગતમાં સામેથી પ્રવેશ માટે આવી રહેલાં ફોન કોલ્સ મુંઝવણમાં મુકવા સાથે રાજ્યમાં આડેધડ ખુલી ગયેલી ખાનગી કોલેજો-યુનિવર્સિટીઓ દ્વારા શરૂ કરાયેલા શિક્ષણનો વેપારીકરણથી વાલીઓ ચિંતામાં પણ મુકાયાં છે.

## ટેલિકોલર્સ પાસે વિદ્યાર્થીઓના પરિણામ અને મોબાઈલ નંબરનો ડેટા ક્યાંથી આવ્યો ?

ખાનગી યુનિવર્સિટી કે કોલેજો તરફથી બોર્ડની પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓને જ પ્રવેશ માટે ફોન કરવામાં આવી રહ્યાં છે, જેમાં વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષાનું જે પ્રવેશ ફોર્મ ભર્યુ હતુ તેમાં દર્શાવેલા નંબર પર આ પ્રકારના ટેલિ માર્કેટીંગના કોલ્સ આવી રહ્યાં છે જે મોટે ભાગે તેના વાલીનો મોબાઈલ નંબર હોય છે. આ સ્થિતિમાં આ કોલેજો-યુનિવર્સિટીઓના માર્કેટીંગ વિભાગ પાસે આ વિદ્યાર્થીઓના મોબાઈલ ફોન નંબર તથા પરિણામની વિગતોનો ટેડા ક્યાંથી આવ્યો તે આશ્ચર્યજનક બાબત છે. વળી, આ પૈકી જો કોઈ વાલીએ માર્કેટીંગ કોલ્સથી બચવા 'ડીએનડી' રજીસ્ટર કરાવ્યું હોય તેમ છતાં તેમના મોબાઈલ પર આવા ફોન આવી રહ્યાં છે જે ચિંતાજનક બાબત છે.



વરસાદી સિઝન જામતા હજુ ઘણીવાર લાગશે પરંતુ તે પહેલાં પ્રિ-મોન્સુન એકિટવિટીનો પ્રારંભ થઈ ચુકયો છે. આકાશમાં વારંવાર વાદળોનો જમાવડો થાય છે અને પવન ફુંકાય છે. વળી પવનની ગતિ વધુ રહેતા શહેરમાં ઠેર ઠેર હોર્ડીંગ્સ પડી ગયા છે. વરસાદ પહેલા હોર્ડીંગ્સ હટાવી લેવાય તો નુકશાન થતું બચાવી શકાશે.

# ઓનલાઈન શિક્ષકો તૈયાર કરવા ડિજિટલ અભ્યાસ વર્ગનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૦

રાજ્યના શિક્ષકોને ડિજિટલ ટેકનોલોજી વિશે માહિતગાર કરી યોગ્ય સંકલન વડે શિક્ષણને વધુ અસરકારક બનાવવા તથા રાજ્યના છેવાડાના વિદ્યાર્થીઓ સુધી ઓનલાઈન શિક્ષણ પુરૂ પાડવાના મુખ્ય આશય સાથે આદર્શ શિક્ષકો તૈયાર કરવા ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ગુજકોસ્ટ) દ્વારા વિશેષ પહેલ શરૂ કરવામાં આવી છે.

કોરોના મહામારીને રોકવાના ભાગરૂપે લાગુ કરાયેલા લૉકડાઉનના કારણે બ્લેક બોર્ડ આધારિત શિક્ષણ વ્યવસ્થા હવે ડિજિટલ માધ્યમ આધારિત થતી જોવા મળી રહી છે. શાળા-કોલેજ ૩ મહીના સુધી બંધ હોવાથી ઓન લાઈન એજ્યુકેશન સીસ્ટમ વડે વિદ્યાર્થીઓ સાથે સંપર્ક સાધી શિક્ષણ કાર્ય ચાલી રહ્યું છે. શિક્ષકો તથા વિદ્યાર્થીઓને નવી ટેકનોલોજીનાં સમન્વયથી કેવી રીતે શિક્ષણ કાર્ય ચાલુ રાખવુ એ અંગે જાણકારી હોવી અત્યંત જરૂરી બની છે. આ પરિસ્થિતિમાં રાજ્યના શિક્ષકોને નવી ટેક્નૉલોજીથી અવગત કરવા પણ એટલા જરૂરી છે.

ગુજરાત સરકારનાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ અંતર્ગત વિજ્ઞાનનાં પ્રચાર અને પ્રસાર માટે કામ કરતી સંસ્થા ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ગુજકોસ્ટ) દ્વારા રાજ્યના શિક્ષકોને વિવિધ એપ્લિકેશન, ટેકનોલોજી પ્લેટફોર્મ, સાયબર સિક્યોરીટી તથા અન્ય દ્રશ્ય- શ્રાવ્ય ઉપકરણો અંગે તાલીમ મળી રહે તે હેતુસર ડિજિટલ એજ્યુકેશન ટેકનોલોજી અપનાવી શિક્ષક અને વિદ્યાર્થીઓને જોડી શકાય એ અંગે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જેના ભાગરૂપે ગુજકોસ્ટ દ્વારા 'લર્નિંગ લિંક્સ ફાઉન્ડેશન' સાથે જોડાણ કરી ગુજરાતની માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાનાં શિક્ષકો માટે તાલીમનું આયોજન કરવામાં આવ્યુ છે.

# એમ બી પટેલના વિદ્યાર્થી આર્યન શાહે વિજ્ઞાનમાં પુરા ૧૦૦ ગુણ મેળવ્યા

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરના કડી કેમ્પસમાં સ્થિત એમ બી પટેલ ઈંગ્લીશ મીડિયમ શાળાના વિદ્યાર્થી આર્યન કેતન શાહે વિજ્ઞાન વિષયમાં ૧૦૦ ગુણ પ્રાપ્ત કર્યા છે. આ બદલ શાળાના આચાર્ય અર્પિત ક્રિશ્ચયને સહીત શાળાના વિજ્ઞાન શિક્ષકે પણ આ વિદ્યાર્થીને બિરદાવી અભિનંદન આપ્યા છે. એમ બી પટેલ શાળાનુ પરિણામ પણ ૯૭.૧૨ ટકા આવ્યુ છે. જયારે એ વન ગ્રેડમાં પણ ૨ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. એમ બી પટેલ શાળાના આચાર્ય અર્પિત ક્રિશ્ચયને પણ તેજસ્વી વિદ્યાર્થીઓને ફોન મારફતે અભિનંદન આપી તેમની આગળની શૈક્ષણિક કારકીંદી માટે અભિનંદન આપ્યા હતા.

ધો -૧૦ માં આ વર્ષે ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ ગત વર્ષ કરતા ૪.૮૮ ટકા ઓછુ આવ્યુ છે. જયારે ગણિતના અઘરા પેપર બાદ વિદ્યાર્થીઓ માટે પરીક્ષાનુ પરિણામ પણ ચિંતાનો વિષય બની ગયો હતો. ગણિતનુ પેપર અઘરુ નિકળ્યુ હતુ જેના લીધે ઘણાં ટોપર્સ વિદ્યાર્થીઓના ગુણ કપાયા છે. તો ઘણાંખરા વિદ્યાર્થીઓને ગ્રેસિંગ પણ વધુ અપાયા છે. જો કે કેટલાક વિદ્યાર્થીઓએ વિજ્ઞાન વિષયમાં પુરા ગુણ પણ મેળવ્યા છે.




જરૂરીયાતમંદોને કપડાં, બુટ અને અન્ય સામાન મળી રહે તે માટે મનપા દ્વારા ઠેર ઠેર સૌની દિવાલ બનાવવામાં આવી છે. જરૂરીયાતથી વધુ વસ્તુઓ હોય તેઓ અહીં મુકી જાય છે પરંતુ હાલમાં તેને લેનાર કોઈ જોવા મળતા નથી. પરપ્રાંતિય શ્રમિકો વતન ચાલ્યા ગયા હોવાથી સૌની દિવાલ પરથી કોઈ વ્યકિત ચીજવસ્તુઓ લઈ જતા નથી.

# સેકટર-૬ બી માર્ગ પર કાર પલ્ટી

ગાંધીનગર, તા.૧૦

શહેરના સેકટર-૬ બી રીંગરોડ પર બુધવારના રોજ બપોરના સુમારે અચાનક કાર પલ્ટી મારી ગઈ હતી. કાર પલ્ટી જતા અવાજ થતા સ્થાનિક નાગરીકો તાત્કાલીક બચાવ કાર્ય માટે દોડી આવ્યા હતા. આ બનાવમાં



કારમાં સવાર દંપતીનો આબાદ બચાવ થયો હતો. દંપતિને સામાન્ય ઈજા પહોંચતા ૧૦૮ મારફતે સારવાર માટે ખસેડાયા હતા.

મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૬બી ખાતે આવેલા રીંગરોડ પર સાડા બાર વાગ્યાના અરસામાં પસાર થઈ રહેલી સેવરોલેટ સ્પાર્ક કાર નં. જી.જે.૧૮.એ.એચ.-૨૫૬૨ કારના ચાલકે અચાનક કાબુ ગુમાવતા કાર પલ્ટી મારી ગઈ હતી. કાર પલટવાના અવાજને પગલે સ્થાનિક વસાહતીઓ દોડી આવ્યા હતા. કાર ચાલક ભાઈ તો બહાર આવી ગયા હતા, પરંતુ મહિલા અંદર ફસાઈ ગયા હતા. સ્થાનિક નાગરીકોએ બહેનને ભારે જહેમતબાદ બહાર નીકાળ્યા હતા અને કાર સીધી કરી હતી. જો કે આ બનાવમાં દંપતિનો આબાદ બચાવ થયો હતો. કયા કારણોસર કાર પલ્ટી તે જાણી શકાયુ નથી. પરંતુ કારમાં સવાર દંપતિ સેકટર-૬ ખાતે રહેતા હોવાનું જાણવા મળ્યુ હતું.

# મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યામંદિર શાળાનું ઉત્કૃષ્ઠ પરિણામ

ચિલોડા, તા. ૧૦

મગોડી ખાતે આવેલ પી.આર. ઠક્કર વિદ્યામંદિર શાળાનું ચાલુ સાલે માર્ચ-૨૦૨૦માં લેવાયેલી એસ.એસ.સી. ધો. ૧૦નું પરિણામ ૮૨.૬૬ ટકા જેટલુ આવ્યુ છે. જેમાં તેજસ્વી તારલા તરીકે પ્રથમ નંબરે જાનકી પટેલ ૮૩ ટકા, દ્વિતીય નંબરે નૈયા પટેલ ૮૧ ટકા અને તૃતીય નંબરે કૃતિ પટેલ ૮૦ ટકા પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યુ છે. મગોડી શાળાએ સતત નવમાં વર્ષે પણ ૮૦ ટકાથી વધુ પરિણામ પ્રાપ્ત કરતાં ગૌરવ મેળવ્યુ છે. તમામ ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને મંડળના પ્રમુખ તેમજ શાળાના આચાર્ય મનુભાઈ પ્રજાપતિ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.



# ૨૯ ટકાની વૃદ્ધિ સાથે ગુજરાતમાં ૬૭૪ સિંહો

### ગુજરાતનું ગૌરવ ગણાતા એશિયાઈ સિંહોની વસ્તીમાં સતત થઈ રહેલો વધારો : બ્લોક કાઉન્ટ મેથડથી સિંહોની વસ્તી ગણતરી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત રાજયના વન વિભાગ દ્વારા તાજેતરમાં સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં એસિયાટીક સિંહોની વસ્તી ગણતરી કરવામાં આવી હતી. બ્લોક કાઉન્ટ મેથડથી કરવામાં આવેલી આ વસ્તી ગણતરીમાં સિંહોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. લગભગ ૨૯ ટકાની વસ્તી સાથે હાલમાં ગુજરાતના વન વિસ્તારમાં ૬૭૪ સિંહો વિહાર કરી રહ્યા છે.

એકવાર લુપ્તતાના આરે ઉભેલ એશિયાઈ સિંહોની વસ્તીમાં નોંધપાત્ર વધારો થયેલ છે, જેની વૈશ્વિક સ્તરે સંરક્ષણમાં સફળતાની વાર્તા તરીકે

| પુખ્ત | | પાઠડા | | | બચ્ચાં | કુલ |
|---|---|---|---|---|---|---|
| નર | માંદા | નર | માંદા | વણ ઓળખાયેલ | | |
| ૧૬૧ | ૨૬૦ | ૪૫ | ૪૯ | ૨૨ | ૧૩૭ | ૬૭૪ |



પ્રશંસા કરવામાં આવી રહી છે, આઝાદી પછીના યુગમાં જૂનાગઢના પૂર્વ નવાબ અને ગુજરાત વન વિભાગ દ્વારા સમયસર લીધેલ પગલાંના કારણે આ શક્ય બન્યુ છે.

એશિયાઈ સિંહોનો વસ્તી અંદાજ પાંચ વર્ષના અંતરે કરવામાં આવે છે. છેલ્લી વસ્તી ગણતરી મે ૨૦૧૫માં હાથ ધરવામાં આવી હતી જેમાં સિંહોની સંખ્યા ૫૨૩ હતી જે ૨૦૧૦ ના અંદાજથી ૨૭ ટકા વધી હતી.

એશિયાઈ સિંહોના લેન્ડસ્કેપમાં એશિયાઈ સિંહોની વર્તમાન વસ્તીની સ્થિતિ અને વિસ્તરણની સમજ વિકસાવવા માટે, ગુજરાત વન વિભાગે, ૫-૬ જૂન, ૨૦૨૦ના રોજ પૂનમ અવલોકન નામની એક કવાયત હાથ ધરી, જેને સીધી બીટ ચકાસણી તરીકે (બ્લોક કાઉન્ટ મેથડ) પણ ઓળખવામાં આવે છે.

આ કવાયતમાં લગભગ ૧૪૦૦ જેટલા કર્મચારીઓ દ્વારા તેમના વહીવટી અધિકારીઓની દેખરેખ હેઠળ તેર વહીવટી વિભાગમાં આ કવાયત હાથ ધરવામાં આવી હતી.

એશિયાટિક સિંહોની વસ્તીમાં, ૨૦૧૫(૫૨૩ સિંહો)ની ૨૭ ટકા વૃદ્ધિની તુલનાએ ૨૮.૮૭ ટકા (અત્યાર સુધીનો સૌથી વધુ વૃદ્ધિદરમાંનો એક)ની વૃદ્ધિ સાથે ૬૭૪ સિંહો જોવા મળ્યા છે.

સિંહોનું વિસ્તરણ ૨૦૧૫માં ૨૨૦૦૦ ચો.કિ.મી. વિસ્તારમાં હજુ જે વધીને ૨૦૨૦માં ૩૦૦૦૦ ચો.કિ.મી.માં થઈ ગયુ છે, આ રીતે વિસ્તરણ ક્ષેત્રમાં ૩૬ ટકાનો વધારો થયો છે.

એશિયાઈ સિંહોની વસ્તી અને વિસ્તરણ ક્ષેત્રમાં ગુજરાત વન વિભાગ દ્વારા કરેલ અસરકારક સંરક્ષણ અને સંચાલનને લીધે સતત વધારો થયો છે.